ધારીનાં જયુડી.મેજી.ફ.ક.સાહેબની કોર્ટમાં, મુકામ : ધારી.

**ફો.કે.નં.૨૩૦૭/૨૦૨૨**

**આંક –**

| | |
|---|---|
| ફરીયાદીઃ– | શ્રી સરકાર |

**<u>વિરૂઘ્ઘ</u>**

| | |
|---|---|
| આરોપીઃ– | પ્રકાશભાઈ ચંદુભાઈ બારૈયા રહે. ભાવનગર |

<u>ગુન્હો :– ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી મુજબ.</u>

**–: ઠરાવઃ–**

આજરોજ સ્પેશ્યલ સિટીગમાં આરોપી હાજર છે. આરોપીની કબુલાત પુરશીશ અને આરોપીની પ્લી ઘ્યાને લેતા આરોપીએ હાલનાં ગુન્હાની સ્વૈચ્છાપૂર્વક કબુલાત કરેલ છે. અત્રેની અદાલતે તેઓને સજાની જોગવાઈ અંગે સમજાવવા છતાં તેમજ કબુલાત કરવા બંધાયેલ નથી તેવી સમજ આપવા છતાં આરોપી સ્વૈચ્છાપૂર્વક ગુનો કબુલ કરેલ અને પોતાનો પ્રથમ ગુનો હોઈ પોતે ભવિષ્યમાં ગુનો નહી કરે તેની ખાત્રી આપી રહેમ કરવા રજુઆત કરેલ છે.

આરોપીની રજુઆત તેમજ કબુલાત ઘ્યાને લેતા તેમજ નામ. ગુજરાત હાઈકોર્ટનાં સ્ટેટ વિ. નટવર હરચંદ ઠાકોર ૨૦૦૫ જી.એલ.આર. પાના નં. ૭૦૯ ના કેસમાં પ્રસ્થાપિત કરેલ સિઘ્ઘાંતને લક્ષમાં રાખતા આરોપીને હળવી સજા કરી સુધરવાની તક આપવાથી ન્યાયનો હેતુ જળવાય તેમ હોઈ ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

– :: હુકમ :: –

આ કામનાં આરોપીને ધી કોડ ઓફ ક્રીમીનલ પ્રોસીઝર, ૧૯૭૩ ની કલમ ૨૫૨ અન્વયે ધી ગુજરાત પ્રોહીબીશન એકટની કલમ ૬૬(૧)બી ના ગુનામાં તકસીરવાન ઠરાવી રૂા. ૧૦૦/– (અંકે રુપિયા સો પુરા)નો દંડનો હુકમ કરવામાં આવે છે.આરોપી દંડ ન ભરે તો દિન– <u>૧૦</u>(દસ) ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખ ૧૧મી માહે ફેબ્રુઆરી સને ૨૦૨૩ ના રોજ સ્પેશ્યલ સીટીગમાં વાંચી– સંભળાવી જાહેર કર્યો.

(એ.એન.પરમાર)
એડી. જયુડી. મેજી.ફ.ક.ધારી
જજ કોડ નં.જીજે૦૦૮૭૮

સ્થળ : ધારી.
તા.૧૧.૨.૨૦૨૩